# શ્રાવણે દર્શન શિવાલયે

**સત્સંગ પૂર્તિ 25માં વર્ષમાં પ્રવેશે છે ત્યારે વિશેષ પુર્તિના અનુસંધાને શ્રાવણ માસે દ. ગુજરાતના 25 જેટલા શિવમંદિરોની પ્રસ્તુત માહિતી આશા છે આપ વાચકોને જરૂર ઉપયોગી રહેશે**

(1) **સ્તંભેશ્વર મહાદેવ મંદિર** (કાવી-કંબોઈ, જંબુસર) સ્તંભેશ્વર મહાદેવ મંદિર એ પૌરાણિક શિવધામ છે. આ મંદિર દરિયાના કિનારે આવેલું હોવાથી દિવસમાં બે વાર દરિયામાં આવતી ભારે ભરતી દરમિયાન પાણી મંદિરના શિવલિંગ અને સમગ્ર પરિસરમાં ફરી વળે છે, જેથી મંદિર સંપૂર્ણપણે દરિયાના પાણીમાં ગરકાવ (અદ્રશ્ય) થઈ જાય છે. જ્યારે ઓટ આવે છે ત્યારે દરિયાના પાણી પાછળ હટી જાય છે અને મંદિર ફરીથી સ્પષ્ટ દેખાવા લાગે છે, ત્યારબાદ જ ભક્તો ગર્ભગૃહમાં જઈને શિવલિંગની પૂજા-અર્ચના અને જલાભિષેક કરી શકે છે. 'શિવપુરાણ'માં આ શિવધામનો ઉલ્લેખ 'કુમારેશ્વર' અથવા 'સ્તંભેશ્વર' તરીકે મળે છે. એક કથા અનુસાર તાડકાસુર નામના રાક્ષસનો વધ ભગવાન શિવના પુત્ર કાર્તિકેય દ્વારા થયો હતો. પરંતુ તાડકાસુર શિવજીનો મહાન ભક્ત હતો તેના અહી શિવલિંગની સ્થાપના કરી અને પૂજા-અર્ચના કરી, જે આજે સ્તંભેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે. શિવલિંગ આશરે ૪ ફૂટ ઊંચું અને ૪ ફૂટ વ્યાસ ધરાવતું વિશાળ કાય શિવલિંગ છે.

(2) **કુરુક્ષેત્ર મહાદેવ મંદિર** (જહાંગીરપુરા, સુરત) - પિતૃતર્પણ અને આસ્થાનું પ્રાચીન શિવધામ : સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં પવિત્ર તાપી નદીના કિનારે આવેલું કુરુક્ષેત્ર મહાદેવ મંદિર મહત્વપૂર્ણ, પૌરાણિક અને શિવધામ છે. ખાસ કરીને પિતૃતર્પણ, શ્રાદ્ધવિધિ અને ધાર્મિક ઉત્સવો માટે આ મંદિર સમગ્ર સુરત અને આસપાસના વિસ્તારોમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. આ મંદિર તાપી નદીના પવિત્ર તટ પર આવેલું હોવાથી અહીં સ્નાન કરીને પૂજા-અર્ચના કરવાનું વિશેષ ફળ માનવામાં આવે છે. મંદિર પરિસરની નજીક ઐતિહાસિક કુરુક્ષેત્ર શ્મશાન ભૂમિ આવેલી છે, જેના કારણે જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ અને પિતૃતર્પણ માટે આ સ્થળને અત્યંત પવિત્ર ગણવામાં આવે છે.

(3) **ગલતેશ્વર મહાદેવ મંદિર** (કામરેજ, સુરત) સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં તાપી નદીના પવિત્ર તટે આવેલું ગલતેશ્વર મહાદેવ મંદિર દક્ષિણ ગુજરાતના સૌથી પ્રસિદ્ધ અને પ્રાકૃતિક શિવધામોમાંનું એક છે. 'તાપી પુરાણ' અનુસાર, આ સ્થળનું ધાર્મિક મહત્વ નાસિકના ત્ર્યંબકેશ્વર જેટલું જ પવિત્ર માનવામાં આવે છે. અહી તાપી નદી, નારદી નદી અને ગુપ્ત ગંગા એમ ત્રણેય પવિત્ર નદીઓનો તીર્થ સંગમ થાય છે. એક કથા અનુસાર નારદજીને શારીરિક કષ્ટ (ત્વચા રોગ) થયો હતો જે ભોળાનાથની કૃપાથી નારદજી રોગમુક્ત થયા અને તે આનંદના ક્ષણે અહીં શિવલિંગ સ્વરૂપે ગલતેશ્વર મહાદેવની સ્થાપના થઈ. શ્રાવણ માસ: પવિત્ર શ્રાવણ મહિનાના દર સોમવારે અને જન્માષ્ટમી તેમજ શરદ પૂર્ણિમાના દિવસે અહીં ભવ્ય ઉત્સવ અને મેળા જેવું વાતાવરણ હોય છે.

(4) **સિદ્ધનાથ મહાદેવ મંદિર** (સરસ ગામ, ઓલપાડ, સુરત) સિદ્ધનાથ મહાદેવ મંદિર દક્ષિણ ગુજરાતના સૌથી પવિત્ર અને પ્રાચીન શિવાલયોમાંનું એક છે. પૌરાણિક કથા અનુસાર અહીં ગોકર્ણ ઋષિનો આશ્રમ હતો. આશ્રમની ગાયોમાંથી એક ગાય દરરોજ એક ટેકરી પર જઈને પોતાના આંચળમાંથી સ્વયંભૂ દૂધની ધારા વહેવડાવતી હતી. ગોકર્ણ ઋષિએ દિવ્ય દ્રષ્ટિથી જાણીને ત્યાં તપસ્યા કરી, જેના તપોબળથી પૃથ્વી ભેદીને સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું. ભગવાન શ્રીરામે પોતાના વનવાસ દરમિયાન પિતૃઓના ઉદ્ધાર અર્થે લક્ષ્મણજી સાથે અહીં રામકુંડમાં સ્નાન કરી સિદ્ધનાથ મહાદેવની પૂજા-અર્ચના કરી હતી. ઇતિહાસ અનુસાર, ગાયકવાડ શાસનકાળ દરમિયાન લૂંટારાઓ કે આક્રમણખોરોએ ધનની લાલચમાં મંદિર પર હુમલો કર્યો અને શિવલિંગ તોડવાનો પ્રયાસ કર્યો. શિવલિંગ પર ઘા મારતા જ તેમાંથી અસંખ્ય ભમરાઓ પ્રગટ થયા અને લૂંટારાઓને કરડીને ભગાડી મૂક્યા હતાં. નજીકના દરિયા કિનારાના કારણે આસપાસના વિસ્તારનું પાણી ખારું હોવા છતાં, હુમલાથી ખંડિત થયેલા શિવલિંગના છિદ્રમાંથી આજે પણ નાળિયેર પાણી જેવું અત્યંત મીઠું જળ (ગંગાજળ) વહે છે.

(5) **કાંતારેશ્વર મહાદેવ મંદિર** (કતારગામ, સુરત) - શહેરના કતારગામ વિસ્તારમાં આવેલું શ્રી કાંતારેશ્વર મહાદેવ મંદિર દક્ષિણ ગુજરાતના સૌથી પૌરાણિક શિવમંદિરોમાંનું એક છે. શિવભક્તો માટે આ મંદિર ઉંડુ આધ્યાત્મિક જોડાણ ધરાવે છે. "કાંતાર" શબ્દનો અર્થ સંસ્કૃતમાં 'જંગલ' કે 'અરણ્ય' થાય છે. પૌરાણિક કાળમાં આ વિસ્તાર ગાઢ જંગલથી ઘેરાયેલો હતો. જંગલમાં સ્વયંભૂ રીતે પ્રગટ થયેલા મહાદેવ હોવાથી આ ધામનું નામ કાંતારેશ્વર મહાદેવ પડ્યું. આ જ મંદિરના નામ પરથી કાળક્રમે આ વિસ્તારનું નામ પણ 'કતારગામ' બન્યું હોવાનું માનવામાં આવે છે. મંદિર પરિસરમાં શિવજી ઉપરાંત ગણેશજી, પાર્વતીજી, હનુમાનજી, અન્ય દેવી-દેવતાઓની અને સંતોની પણ મનોરમ મૂર્તિઓ સ્થપાયેલી છે. મહાશિવરાત્રિ અને શ્રાવણી સોમવારે મંદિરની બહાર અને આસપાસના રસ્તાઓ પર ભવ્ય લોકમેળા જેવું વાતાવરણ સર્જાય છે

(6) **ભવાનીશંકર મહાદેવ મંદિર** (રાંદેર રોડ, સુરત) - સુરતનું



પૌરાણિક આ મંદિર દક્ષિણ ગુજરાતના અત્યંત જૂના તાપી નદીના તટના શિવાલયો પૈકીનું એક છે. 'ભવાની' એટલે જગતજનની પાર્વતીજી અને 'શંકર' એટલે ભગવાન શિવ. આ ધામ શિવ અને શક્તિના સુંદર સમન્વયનું પ્રતીક છે. મધ્યકાલીન યુગથી જ આ મંદિરે સ્થાનિક વેપારીઓ, શ્રદ્ધાળુઓ અને ઋષિમુનિઓ માટે મોટું ધાર્મિક કેન્દ્ર તરીકે સ્થાન જાળવી રાખ્યું છે. પવિત્ર શ્રાવણ મહિનાના દર સોમવારે મહાદેવનો વિશિષ્ટ શૃંગાર કરવામાં આવે છે. આ દિવસોમાં હજારો શ્રદ્ધાળુઓની જલાભિષેક અને બિલિપત્ર અર્પણ કરવા ભીડ જામે છે. ભવાનીશંકર મંદિર હોવાથી આસો અને ચૈત્ર નવરાત્રિ દરમિયાન પણ અહીં ભવાની માતા અને શિવજીની ખાસ પૂજા-અર્ચના થાય છે.

(7) **શ્રી રુંઢનાથ મહાદેવ મંદિર** (રુંઢ, ડુમ્મસ રોડ, સુરત) - આ ક્ષેત્રનું નામ 'રુંઢ' હોવાથી અને અહીં સ્વયંભૂ પ્રગટ થયેલા મહાદેવ હોવાથી આ ધામ રુંઢનાથ મહાદેવ તરીકે ઓળખાય છે. પૌરાણિક સમયે ઋષિ-મુનિઓ માટે તપસ્યા કરવાનું એક પવિત્ર ક્ષેત્ર ગણાતું હતું. અહીં સ્થાપિત શિવલિંગ સ્વયંભૂ હોવાની માન્યતા છે. પવિત્ર શ્રાવણ મહિનાના દર સોમવારે શિવલિંગ પર ખાસ બિલિપત્ર, જલાભિષેક અને ભસ્મ/પુષ્પોનો વિશિષ્ટ શૃંગાર કરવામાં આવે છે.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

(8) **શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર** (અડાજણ, સુરત) સંસ્કૃતમાં 'ગંગેશ્વર' નો અર્થ થાય છે ગંગાજીને ધારણ કરનારા શિવ. પૌરાણિક માન્યતાઓ અનુસાર આ ક્ષેત્રમાં શિવજીની આરાધના કરવાથી ગંગા સ્નાન જેટલું જ પુણ્ય પ્રાપ્ત થાય છે. મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત શિવલિંગ અત્યંત પ્રાચીન અને સ્વયંભૂ હોવાની લોકમાન્યતા છે. અડાજણ જેવા ધમધમતા વિસ્તાર વચ્ચે આવેલું હોવા છતાં મંદિર પરિસરમાં પ્રવેશતાં જ સકારાત્મક ઊર્જા અને પરમ શાંતિનો અનુભવ થાય છે.

(9) **અશ્વિનીકુમાર મહાદેવ મંદિર** (અશ્વિનીકુમાર રોડ, સુરત ) સુરતના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં તાપીના કિનારે આવેલા અશ્વિનીકુમાર રોડ ખાતે બિરાજમાન અશ્વિનીકુમાર મહાદેવ મંદિર (જે વૈદરાજ મહાદેવ મંદિર તરીકે પણ ઓળખાય છે) દક્ષિણ ગુજરાતનું એક પૌરાણિક શિવધામ છે.

પૌરાણિક માન્યતા અનુસાર, દેવોના વૈદ્ય ગણાતા બે ભાઈઓ અશ્વિની કુમારોએ પવિત્ર તાપી નદીના તટે આ સ્થળે ઘોર તપસ્યા કરી હતી. અહીં અશ્વિનીકુમારો દ્વારા સ્થાપિત શિવજી વૈદરાજ મહાદેવ અથવા અશ્વિનીકુમાર મહાદેવ તરીકે પૂજાય છે. માનવામાં આવે છે કે અહીં ભક્તિભાવથી પૂજા કરવાથી અસાધ્ય રોગો અને શારીરિક પીડામાંથી મુક્તિ મળે છે. મંદિર તાપી નદીના તટે આવેલું હોવાથી અહીંનો ઘાટ સ્નાન, પિંડદાન અને પિતૃતર્પણ માટે ખૂબ પવિત્ર ગણાય છે.

(10) **સ્તેનેશ્વર મહાદેવ મંદિર** (ઓલપાડ તાલુકામાં આવેલા તેના ગામ) દક્ષિણ ગુજરાતનું એક અત્યંત પ્રાચીન, પૌરાણિક અને ચમત્કારી શિવધામ છે. પૌરાણિક કથા અનુસાર કામધેનુ ગાયની પુત્રી 'સુરભિ' ગાય દરરોજ પોતાના આંચળમાંથી એક ચોક્કસ સ્થળે સ્વયંભૂ દૂધની ધારા વહાવતી હતી. જ્યારે આ સ્થળે ઉત્ખનન કરવામાં આવ્યું ત્યારે પૃથ્વીમાંથી સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું. ગાયના સ્તનમાંથી દૂધની ધારા વહ્યા પછી પ્રગટ થયેલા મહાદેવ હોવાથી આ ધામનું નામ 'સ્તનેશ્વર' અથવા સ્થાનિક બોલીમાં 'સ્તેનેશ્વર મહાદેવ' પડ્યું. આ જ શિવધામ પરથી ગામનું નામ કાળક્રમે 'તેના' પડ્યું હોવાનું માનવામાં આવે છે. દ્વાપર યુગમાં એક માન્યતા મુજબ ભગવાન શ્રી રામે પણ પોતાના વનવાસ દરમિયાન આ પવિત્ર ક્ષેત્રમાં શિવજીની આરાધના કરી હતી. એક અન્ય માન્યતા મુજબ સંસ્કૃત સ્તેન શબ્દનો અર્થ ચોરી પણ થાય છે અને સમુદ્રમંથન સમયે નિકળેલ અમૃત વહેચણી આ સ્થળે થયેલી અને તે સમયે રાહુ-કેતુ ચોરી-છુપીથી દેવોની વચ્ચે ગોઠવાઈ ગયેલાં તેથી આ સ્થળે સ્થાપિત શિવમંદિરને સ્તેનેશ્વર મહાદેવ મંદિર કહેવાય છે.

(11) **શ્રી ગોપીનાથ મહાદેવ મંદિર** (ગોપીપુરા, સુરત) - સુરતના મધ્યમાં આવેલા અત્યંત જૂના અને ઐતિહાસિક વિસ્તાર ગોપીપુરા ખાતે બિરાજમાન શ્રી ગોપીનાથ મહાદેવ મંદિર સુરતના મધ્યકાલીન ઇતિહાસ અને સંસ્કૃતિ સાથે ઊંડું જોડાણ ધરાવે છે. ગોપીનાથ મહાદેવ અહીં 'ગોપીનાથ' (અથવા ગોપનાથ) તરીકે પૂજાય છે.

(12) **શ્રી મલ્લિકાર્જુન મહાદેવ મંદિર** (મજીગામ, ચીખલી) - આ શિવધામ આંધ્રપ્રદેશના મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગની જેમ જ સ્થાનિક લોકો માટે પરમ શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર છે. પૌરાણિક માન્યતા અનુસાર અહીં બિરાજમાન શિવલિંગ સ્વયંભૂ છે. માનવામાં આવે છે કે પાંડવોએ પણ પોતાના અજ્ઞાતવાસ દરમિયાન આ પવિત્ર સ્થળની મુલાકાત લીધી હતી અને શિવજીની આરાધના કરી હતી.

(13) **શ્રી સોમનાથ મહાદેવ મંદિર** (બિલીમોરા) - લોકવાયકા મુજબ આ મંદિરનો ઇતિહાસ સદીઓ જૂનો છે. સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવની જેમ જ આ મંદિરનો મહિમા હોવાથી તેને દક્ષિણ ગુજરાતનું સોમનાથ ધામ ગણવામાં આવે છે. ગાયકવાડ રાજાઓના સમયમાં આ શિવધામનો વિશેષ વિકાસ થયો હતો અને સ્થાનિક પ્રજા માટે આ આસ્થાનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું હતું. પવિત્ર શ્રાવણ મહિનાના દર સોમવારે આજુબાજુના વિસ્તારમાંથી હજારો શ્રદ્ધાળુઓ અહીં મહાદેવના દર્શન અને જલાભિષેક કરવા આવે છે. શ્રાવણી સોમવારે શિવલિંગનો બિલિપત્ર અને પુષ્પોથી વિશિષ્ટ શૃંગાર કરવામાં આવે છે

(14) **અંધેશ્વર મહાદેવ મંદિર** (અમલસાડ) લોકવાયકા અનુસાર, પ્રાચીન સમયમાં એક અંધ ગોવાળ હતો જેની ગાય ઝાડીઓમાં જઈને સ્વયંભૂ શિવલિંગ પર દૂધનો અભિષેક કરતી હતી. ગોવાળને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેણે શ્રદ્ધાપૂર્વક ભગવાન શિવની પૂજા-અર્ચના કરી. મહાદેવજીની કૃપાથી તે ગોવાળને દૃષ્ટિ (આંખની રોશની) પાછી મળી. આથી જ આ ધામ અંધેશ્વર (અંધારેશ્વર) તરીકે પ્રખ્યાત થયું. જીર્ણોદ્ધાર અને આધુનિક સંકુલ: ૧૪૦૦ની સદીમાં અને પેશ્વા કાળ દરમિયાન તથા પાછળથી ૨૦૧૧માં મંદિરનો ભવ્ય જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

(15) **તડકેશ્વર મહાદેવ મંદિર** (વલસાડ) એ દક્ષિણ ગુજરાતનું પૌરાણિક અને અનોખું શિવધામ છે. આ મંદિર તેના ખાસ સ્થાપત્ય અને ચમત્કારિક ઇતિહાસ માટે જાણીતું છે. આ મંદિરની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે શિવલિંગ ઉપર કોઈ શિખર, છત કે ધાબું નથી. મંદિરના શિખર ભાગમાં આશરે ૨૨ ફૂટનો ખુલ્લો ગોળાકાર ભાગ છે, જેથી સૂર્યના કિરણો સીધા જ શિવલિંગ પર પડે છે. "તડકો" (સૂર્યપ્રકાશ) સીધો શિવલિંગ પર પડતો હોવાથી આ મંદિરનું નામ "તડકેશ્વર મહાદેવ" પડ્યું છે. અહીં શિવલિંગ આશરે ૬ થી ૮ ફૂટ લંબાઈ ધરાવતું અર્ધવર્તુળાકાર અને આડું (સૂતેલું) છે, જે સામાન્ય શિવલિંગો કરતાં અલગ પ્રકારનું છે. મંદિર આશરે ૮૦૦ થી ૧૦૦૦ વર્ષ જૂનું માનવામાં આવે છે.

(16) **શબરી ધામ પરિસરનું શિવ મંદિર** (સુબીર) શબરી ધામના મુખ્ય મંદિર (જ્યાં ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને માતા શબરીની મૂર્તિઓ છે) ના પરિસરમાં જ એક નાનું પણ અત્યંત પવિત્ર શિવ મંદિર આવેલું છે.

(17) **નવનાથ મઢી અને શિવધામ** (પંપા સરોવર) રામાયણ કાળ સાથે જોડાયેલા પંપા સરોવર ખાતે માતંગ ઋષિના આશ્રમ નજીક શિવજી તેમજ નવનાથ સંપ્રદાય સાથે જોડાયેલી મઢી/મંદિર આવેલું છે.

(18) **શિવ ઘાટ મંદિર / આખડેશ્વર મહાદેવ** (આહવા - ચિંચલી રોડ) શબરી ધામથી આશરે ૨૨-૨૫ કિમીના અંતરે સુંદર ઘાટ વિસ્તારમાં આવેલું આ ખૂબ જ રમણીય શિવ મંદિર છે. ચોમાસા દરમિયાન મંદિરની આસપાસ કુદરતી ધોધ અને લીલોતરી ખીલી ઊઠે છે, જેથી શ્રદ્ધાળુઓ તેમજ પ્રકૃતિપ્રેમીઓ માટે આ એક લોકપ્રિય સ્થળ છે. જો તમે શબરી ધામની યાત્રાનું આયોજન કરી રહ્યા હોવ, તો શબરી ધામ પરિસરનું શિવ મંદિર અને પંપા સરોવર સૌથી નજીકના શિવધામ છે, જેને તમે એક જ દિવસમાં સરળતાથી આવરી શકો છો.

(19) **નાગેશ્વર મહાદેવ મંદિર** (સાપુતારા) શબરી ધામથી આશરે ૭૦ કિમી ના અંતરે સાપુતારા સરોવરના કિનારે આવેલું આ એક પ્રસિદ્ધ શિવ મંદિર છે. શ્રાવણ માસમાં ભક્તોની ભીડ વચ્ચે અનેક કાર્યક્રમો યોજાતા હોય છે.

(20) **ભૃગુ ઋષિ મંદિર / ભૃગુનાથ મહાદેવ** (ભરૂચ) નર્મદાના ઉત્તર કિનારે આ પૌરાણિક મંદિર આવેલું છે. પ્રાચીન સમયમાં ભરૂચ શહેર "ભૃગુકચ્છ" તરીકે ઓળખાતું હતું. સપ્તર્ષિઓમાંના એક એવા મહર્ષિ ભૃગુએ આ સ્થળે આશ્રમ સ્થાપીને તપસ્યા કરી હતી, જેથી આ શહેરનું નામ 'ભૃગુકચ્છ' અને પાછળથી અપભ્રંશ થઈને 'ભરૂચ' પડ્યું. મહર્ષિ ભૃગુએ મહાન ગ્રંથ 'ભૃગુ સંહિતા' આ જ સ્થળે તપસ્યા કરીને લખ્યો હતો. ભૃગુ ઋષિએ તેમના આ આશ્રમમાં જે શિવલિંગની સ્થાપના કરીને પૂજા કરી હતી, તે મંદિરના ગર્ભગૃહમાં જ્વાલેશ્વર મહાદેવ (ભૃગુનાથ મહાદેવ) તરીકે પૂજાય છે. મંદિરનું નિર્માણ ૧૭મી સદીમાં (ઈ.સ. ૧૬૭૫ થી ૧૬૮૬ દરમિયાન) મરાઠા શાસકો દ્વારા કરવામાં આવ્યું હતું, ત્યારબાદ સમયગાળે તેનો જીર્ણોદ્ધાર થયો છે.

(21) **શૂળપાણેશ્વર મહાદેવ મંદિર** (ગોરા / એકતા નગર / કેવડિયા) 'શૂળ' એટલે કે ત્રિશૂળ અને 'પાણિ' એટલે કે હાથ. જેમના હાથમાં ત્રિશૂળ છે તેવા ભગવાન શિવ (ત્રિશૂળધારી) પરથી આ તીર્થનું નામ 'શૂળપાણેશ્વર' પડ્યું છે. મૂળ પ્રાચીન શૂળપાણેશ્વર મહાદેવ મંદિર અને તેનો અતિ પ્રાચીન ઘાટ સરદાર સરોવર ડેમના નિર્માણ વખતે જળાશયમાં (ડૂબમાં) જળસમાધિ પામ્યા હતા. મૂળ મંદિરના દિવ્ય શિવલિંગ અને મૂર્તિઓને પૂર્ણ વિધિ-વિધાન અને સન્માન સાથે નજીકના ગોરા ગામ ખાતે નવા ભવ્ય મંદિરમાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. શિવરાત્રી પર અહી મેળો ભરાય છે.

(21) **ઋણમુક્તેશ્વર મહાદેવ મંદિર** (ઓમકારેશ્વર - ભરૂચ) એ નર્મદા નદીના પવિત્ર તટ પર આવેલા શિવ મંદિરો પૈકીનું મહત્ત્વ ધરાવતું તીર્થધામ છે. 'ઋણમુક્તેશ્વર' નામનો અર્થ જ એ છે કે "ઋણ (દેવા/પાપ)માંથી મુક્ત કરનારા મહાદેવ".. એવી દ્રઢ માન્યતા છે કે અહીં દર્શન અને પૂજા-અર્ચના કરવાથી મનુષ્યને માત્ર નાણાકીય કે આર્થિક દેવામાંથી જ નહીં, પરંતુ પૂર્વજન્મના કર્મ-ઋણ અને પાપોમાંથી પણ મુક્તિ મળે છે.સુરત-બારડોલી રોડ નજીક આવેલા એના (Ena) ગામનું શ્રી ઋણમુક્તેશ્વર મહાદેવ મંદિર દક્ષિણ ગુજરાતનું એક અત્યંત લોકપ્રિય, દિવ્ય અને અનોખું આધ્યાત્મિક ધામ છે.

(22) **એના મહાદેવ મંદિર** (એના ગામ, તા.: પલસાણા, જિ.: સુરત.) અહી એક શિવાલયમાં સહસ્ત્રલિંગ, ૧૦૦૮ નાના શિવલિંગ ધરાવતું એક શિવલિંગ છે. જે શ્રધ્ધા સાથે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. અન્ય એક મંદિર 'ઋણમુક્તેશ્વર મહાદેવ' તરીકે પૂજાય છે. માન્યતા મુજબ, અહીં શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરવાથી મનુષ્યને આર્થિક દેવાં (કરજ) તેમજ જન્મ-મરણ અને પૂર્વજન્મના પાપ-ઋણમાંથી મુક્તિ મળે છે.

(23) **અંગારેશ્વર મહાદેવ મંદિર** (ભરૂચ) એ નર્મદા તટ પર ભરૂચથી આશરે ૧૨ થી ૧૫ કિલોમીટરના અંતરે આવેલું અત્યંત પૌરાણિક દિવ્ય શિવધામ છે. સ્કંદ પુરાણ અને નર્મદા પુરાણ અનુસાર, આ શિવલિંગની સ્થાપના સ્વયં મંગળ ગ્રહ (અંગારક) દ્વારા કરવામાં આવી હતી. જે લોકોની કુંડળીમાં મંગળ દોષ (મંગળીક હોવું) હોય, લગ્નમાં વિલંબ થતો હોય કે મંગળ ગ્રહ સંબંધિત પીડા હોય તેઓ માટે આ મંદિર ભારતભરમાં અત્યંત સિદ્ધ સ્થાન માનવામાં આવે છે.

(24) **કોટેશ્વર મહાદેવ મંદિર** (અંકલેશ્વર / હાંસોટ, જિલ્લો ભરૂચ) એ નર્મદા નદી અને અરબી સમુદ્રના સંગમ નજીક આવેલું અત્યંત પૌરાણિક, શ્રદ્ધાસ્પદ અને નર્મદા પરિક્રમાવાસીઓ માટે અતિ મહત્વપૂર્ણ તીર્થધામ છે.

પૌરાણિક દંતકથા અનુસાર, સંસ્કૃતમાં 'કોટી' નો અર્થ 'પ્રકાર' કે 'શ્રેણી' થાય છે. અહીં 33 કોટી (પ્રકારના) દેવતાઓએ એકત્રિત થઈને પવિત્ર નર્મદા જળ વડે શિવલિયુંનો અભિષેક કર્યો હતો અને આ શિવલિંગની સ્થાપના કરી હતી તેથી ધામનું નામ "કોટેશ્વર મહાદેવ" પડ્યું.

(25) **શ્રી રામનાથ ઘેલા મહાદેવ મંદિર** (સુરત) એ તાપી નદીના પવિત્ર તટ પર આવેલું એક અત્યંત પ્રાચીન, પૌરાણિક અને સમગ્ર દેશમાં અનોખી પરંપરા માટે જાણીતું શિવધામ છે. પૌરાણિક માન્યતા અનુસાર, વનવાસ દરમિયાન ભગવાન શ્રી રામ, સીતા અને લક્ષ્મણજી તાપી નદીના તટ પર આવ્યા હતા. ભગવાન રામ દ્વારા સ્થાપિત હોવાથી આ ધામ "રામનાથ ઘેલા" તરીકે ઓળખાયું. આ ભારતનું કદાચ એવું અનોખું શિવ મંદિર છે જ્યાં વર્ષમાં એક ચોક્કસ દિવસે ભગવાન શિવને જીવતા કરચલા અર્પણ કરવામાં આવે છે. એવી દ્રઢ લોકમાન્યતા છે કે શિવજીને જીવતા કરચલા અર્પણ કરવાથી કાન સંબંધિત બીમારીઓ (જેમ કે કાનનો દુખાવો, બહેરાશ) તેમજ શારીરિક તકલીફો દૂર થાય છે.

**સત્સંગ પૂર્તિના 25માં વર્ષમાં મંગલ પ્રવેશના અવસરે કથાકાર પૂજ્ય મોરારી બાપુ અને ભુપેન્દ્રભાઈ પંડ્યાની (હાલ અમેરિકા પ્રવાસેથી) શુભેચ્છાઓ..**








**સતત 24 વર્ષ સુધી ઉચ્ચ સ્તર જાળવીને ધર્મ તથા અધ્યાત્મ વિશેની સચોટ માહિતી વાચકોને સતત પીરસતા રહેવાનું સાત્વિક કાર્ય સત્સંગ પુર્તિએ સંપન્ન કર્યું છે.**

**પ્રતિષ્ઠિત સંતોની કથામાંથી વિચારકણિકાઓ, શાસ્ત્રીય સંદર્ભ સાથે વ્રત-તહેવારોની વિવેચના, તીર્થયાત્રાનાં સ્થળોની ઐતિહાસિક માહિતી તથા ઉત્સવો વિશે માર્ગદર્શન જેવા વિવિધ શાસ્ત્રસંમત વિષયો પરના આપના લેખ વાચકોને પ્રસાદીરૂપે પ્રાપ્ત રહે છે.**

**આપની આ નિષ્ઠા અને ધર્મસેવા બદલ વિશેષતઃ સર્વે મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન! ભવિષ્યમાં પણ આ કાર્ય કરતા રહેવાની શક્તિ અને ઉત્સાહ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના પ્રભુચરણે!**

**કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યા**



॥ कृष्णस्तु भगवान स्वयम् ॥ **લેખાંક-૭૭**

# બ્રહ્માજી દ્વારા ગોપબાળકો અને વાછરડાઓનું હરણ

**શ્રી**કૃષ્ણે મૃત્યુરૂપી અઘાસુરના મોઢામાંથી બાળકોનું તથા વાછરડાઓનું રક્ષણ કરી તેમને યમુનાજીના કિનારે લાવી, શિરામણ કરવાની સૂચના આપી. શ્રીકૃષ્ણનાં વચનોનો સ્વીકાર કરી વાછરડાઓને લીલા ખડવાળા પ્રદેશમાં ચરવા મૂકી, સર્વે બાળકો શિરામણ કરવા બેસી ગયાં. શ્રીકૃષ્ણને મધ્યમાં બેસાડી તેમની સામે મુખ રાખી મંડાલાકાર પંક્તિઓમાં બેઠેલા, પ્રફુલ્લિત દ્રષ્ટિવાળા સર્વ બાળકો, કમળની દાંડીની ફરતે ઉગેલા પત્રોની જેમ એટલે કે 'પદ્મવ્યૂહ'માં ગોઠવાઈને શોભવા માંડયા. હજાર પાંખડીનું કમળ હોય પરંતુ તેની પાંદડીઓની ગોઠવણ એવી હોય કે નાની કે મોટી પ્રત્યેક પાંદડી તેની મૂળ દાંડી સાથે જોડાયેલી હોય. નાની પાંખડીઓ દાંડીની નજીક હોય અને મોટી પાંદડીઓ દૂર હોય પરંતુ દરેક મૂળ સાથે જોડાયેલી જ હોય. બરાબર આ જ પ્રમાણે



બાળકો પણ ગોઠવાયાં હતાં. આ ગોઠવણથી એક રીતે સમજીએ તો ભગવાને દરેકને એવો અનુભવ કરાવ્યો કે હું તારી પાસે જ બેઠો છું. પરમાત્મા એક જ સમયે દરેકને સ્પર્શનો આનંદ આપે તે રીતે બેઠા હતા.

સાક્ષાત પરમાત્મા બાળકો સાથે શિરામણ (બપોરનું ભોજન) કરવા બેસે છે. તેમના સર્વે મિત્રો પુષ્પોને, પુષ્પોની પાંખડીઓને, પલ્લવોને તથા શીકાઓનાં ઢાંકણાંઓને વાસણરૂપ બનાવી તેના પર અન્ન મૂકી, પોતપોતાના અન્નની પોટલીઓ ખોલી, તેના જુદા જુદા સ્વાદોનું વર્ણન કરતા અને એકબીજાને ચખાડતાં, પોતપોતાની ભોજનની રુચિઓનું વર્ણન કરતા, હસતા અને હસાવતા શ્રીકૃષ્ણ સાથે જમવાનો પરમ આનંદ લેવા માંડ્યા.

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

કમરબંધમાં વેણુ, ડાબી બગલમાં મહિષ-શિંગ તથા છડી, ડાબા હાથમાં દહીંભાતના કોળિયા, અને ડાબા હાથની આંગળીઓમાં જુદા જુદા પ્રકારની વીંટીઓને ધારણ કરતા, બાળકોની મધ્યમાં બિરાજેલા અને વાક્યોના પરિહાસ વડે બાળકોને હસાવતા શ્રીકૃષ્ણ, ચૌદભુવનના નાથ હોવા છતાં પણ જંગલમાં ગોવાળની લીલાથી ભોજન આરોગવા લાગ્યા. સ્વર્ગમાંથી દેવતાઓ પણ આશ્ચર્યચકિત ભાવથી આ દૃશ્ય જોવામાં મશગુલ થઈ ગયા.

સર્વે બાળકોનું ચિત્ત ભોજનમાં લાગ્યું હતું અને વિશેષ કરીને શ્રીકૃષ્ણના મુખની શોભા જોવામાં લીન થઈ ગયું હતું, તેથી વાછરડાઓની સંભાળ લેવાઈ નહિ અને તેઓ ખડ ચરતા ચરતા, નવા લીલા ઘાસની લાલચમાં વનના દૂર દૂરના પ્રદેશમાં, દ્રષ્ટિથી જોઈ ન શકાય ત્યાં સુધી નીકળી ગયા. વાછરડાઓ જોવામાં નહિ આવવાથી, બાળકો ભયભીત થઇ ગયા અને કૃષ્ણને બૂમો પાડવા માંડ્યા. શ્રીકૃષ્ણ તો ભયને દૂર કરવાવાળા છે. સામાન્ય મનુષ્યો હંમેશાં ભયભીત રહે છે પરંતુ ભય પોતે શ્રીકૃષ્ણથી ભયભીત રહે છે. પોતાના મિત્રો ઉપરના અપાર પ્રેમના કારણે, મિત્રબાળકોને ત્યાંજ બેસી રહેવાનો આદેશ આપી શ્રીકૃષ્ણ હાથમાં રહેલા ભોજનના કોળિયા સાથે જ ઊઠ્યા અને વાછરડાઓને એકલા જ હાંકી લાવવા માટે દૂર પ્રદેશનાં જંગલોમાં જઈ ઝાડીઓ, પર્વતની ગુફાઓ વગેરેમાં વાછરડાઓને શોધવા માંડ્યા પરંતુ વાછરડાઓ ક્યાંય પણ દેખાયા નહિ.

બીજી બાજુ અજગરનું રૂપ ધારણ કરનાર અઘાસુરને જયારે શ્રીકૃષ્ણે માર્યો, ત્યારે કોલાહલ સાંભળીને બ્રહ્મલોકમાંથી વૃન્દાવનમાં આવેલા અને શ્રીકૃષ્ણનો મહિમા જોઈ અત્યંત વિસ્મય પામેલા, વિષ્ણુની નાભિમાંથી ઉગેલા કમળપુષ્પમાં જન્મ લેનારા બ્રહ્માજી, બીજી કોઈ ઘટના બને તેની ઉત્કંઠાપૂર્વક રાહ જોઈ હજુ સુધી ત્યાં જ ઊભા હતા. તેમને એ ખ્યાલ હતો જ કે આ નાનો ગોવાળ બાળક જ દેવોની વિનંતીથી અવતાર ધારણ કરેલા સ્વયં ભગવાન છે પરંતુ હજુ તેમને ભગવાનની બીજી યશસ્વી લીલાઓ જોવાની પણ ઉત્કંઠા હતી. પોતાની આ ઉત્કંઠાને પાર પાડવા શ્રીકૃષ્ણ જયારે બાળકોથી દૂર થયા (એટલે કે જ્યાં સુધી શ્રીકૃષ્ણમાં દ્રષ્ટિ રાખી બાળકો ભોજન કરતાં હતાં ત્યાં સુધી આનંદમાં હતાં અને હવે શ્રીકૃષ્ણ દૂર થઈ જવાથી તે આનંદ પણ દૂર થઈ ગયો હતો), ત્યારે લાગ જોઈ એક તરફથી તમામ ગોપબાળકોનું હરણ કર્યું અને બીજી બાજુ તમામ વાછરડાઓનું પણ હરણ કર્યું. બાળકો અને વાછરડાઓનું હરણ કરી તેમને અદ્રશ્ય કરી દીધાં અને બ્રહ્મલોકની અંદર માયાના શરણમાં સુવડાવી દીધાં.

**બ્રહ્માજીને એ ખ્યાલ હતો જ કે આ નાનો ગોવાળ બાળક જ દેવોની વિનંતીથી અવતાર ધારણ કરેલા સ્વયં ભગવાન છે પરંતુ હજુ તેમને ભગવાનની બીજી યશસ્વી લીલાઓ જોવાની પણ ઉત્કંઠા હતી**

આ બાજુ ભગવાન શ્રીકૃષ્ણે વાછરડાઓની ખૂબ શોધ કરી પરંતુ મળ્યા નહિ. એટલું જ નહિ પરંતુ યમુનાના કિનારે જ્યાં મિત્રોને બેસાડ્યા હતા, ત્યાં આવીને જોયું તો મિત્રો પણ ગાયબ હતા. એક ગોવાળ બાળકના રૂપમાં ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્માજીથી ઉંમરમાં ખૂબ નાના હતા પરંતુ તેઓ વિશ્વવેત્તા ભગવાન હોવાથી તેમને એ વાત સમજતા વાર નહિ લાગી કે તમામ વાછરડાઓને અને મિત્રોને બ્રહ્માજી દ્વારા હરી લેવામાં આવ્યા છે. આ ઈશ્વર છે તેમ જાણતા હોવા છતાં પણ જો તેની પરીક્ષા કરવામાં આવે તો તે મહાઅનર્થરૂપ નીવડે છે કારણ કે પ્રભુ તો કર્તુમ, અકર્તુમ, અન્યથા કર્તુમ એવું તમામ સામર્થ્ય ધરાવનારા છે.

અહીં શ્રીકૃષ્ણ વિચારવા માંડ્યા કે બ્રહ્માએ તમામ બાળકો અને વાછરડાઓની ચોરી કરી અપહરણ કર્યું છે. હવે હું વૃન્દાવનમાં કયું મોઢું લઈને જઈશ? બધાને શું જવાબ આપીશ? તમામ મિત્રોના પરિવારજનો અત્યંત શોકાતુર થઇ જશે. આમ વિચારી ખૂબ મનોમંથનના અંતે પોતાના મિત્રોની માતાઓ અને પરિવારજનોને પ્રસન્ન કરવા તેમ જ બ્રહ્માજીને પણ પ્રમાણ મળી જાય કે સર્વોચ્ચ તમે નથી પરંતુ હું છું, તે સમજાવવા માટે પોતાની સર્વોચ્ચતા બતાવવાનો મનોમન નિશ્ચય કર્યો.

(ક્રમશઃ)